## યોજનાનું નામ:-

## નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોને આર્થિક સહાય યોજના.

## (રાજ્ય સરકારની યોજના )

➢ ગુજરાત સરકાર દ્વારા મંજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૭/૪/૭૮ના ઠરાવ ક્રમાંકઃબીએસએ/ ૧૦૭૮/૨૦૧૬૮/છ થી આ યોજના ગુજરાતમાં તા.૦૧/૦૪/૧૯૭૮ થી અમલમાં મુકવામાં આવી.

➢ તા.૧૭/૦૪/૧૯૭૮ ના ઠરાવથી રાજય સરકાર દ્વારા વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૬૦ વર્ષથી ઉપરની ઉંમરનાં વૃધ્ધો તથા ૪૫ વર્ષથી વધુ વયના ૭૫ટકા વિકલાંગતા ધરાવતા વિકલાંગોને રૂ.૩૦/-ની સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી, જેમાં તા.૧-૪-૮૬ના ઠરાવથી રૂ.૬૦/-ની સહાય ત્યારબાદ તા.૦૧/૧૨/૧૯૮૯ના ઠરાવથી રૂ.૧૨૦/-ની સહાય અને તા.૦૧/૦૭/૧૯૯૫ ના ઠરાવથી રૂ.૨૦૦/- ની સહાયની રકમમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો. ૬૦ થી વધુ ઉંમરના નિરાધાર વૃધ્ધોને રૂ.૨૦૦/- પ્રમાણે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવતી હતી.

➢ સામા.ન્યાય અધિકારિતા વિભાગના ઠરાવ તા.૧-૪-૨૦૧૭થી સહાયમાં વધારો કરી રૂા.૫૦૦/-કરવામાં આવેલ છે.

➢ ચાલુ વર્ષમાં આ યોજનામાં કુલ-૧૦૦૦૦૦ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં માટે વાર્ષિક રૂ.૭૦૦૫.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.હાલમાં કુલ-૮૬૫૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

### આ યોજના હેઠળ અરજી કરવાની યોગ્યતા નીચે મુજબ છે.

૧. અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૧,૫૦૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ.

૨.અરજદારની વય મર્યાદા ઓછામાં ઓછી ૬૦ વર્ષ અને અપંગ અરજદાર હોય તો ઉંમર ૪૫ વર્ષની હોવી જોઈએ અને અપંગતાની ટકાવારી ૭૫ ટકાથી વધુ હોવી જોઇએ.

૩. અરજદાર છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરેલો હોવો જોઇએ.

૪. અરજદારને પુખ્તવયનો પુત્ર ન હોવો જોઈએ.

૫.અરજદારને પુખ્ત વયનો પુત્ર જો શારિરીક અપંગતા અથવા માનસિક અસ્થિરિતા ધરાવતો કે કેન્સર, ટી.બી.જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય અને કમાવા માટે અશકત હોય તેવા વૃધ્ધો અરજી કરવાપાત્ર.

૬. અરજદારે સહાય મેળવવા મામલતદાર કચેરી ખાતે અરજી ફોર્મ રજુ કરવાનું રહે છે.

# યોજનાનું નામ:-

# ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના (IGNOAPS)

## (કેન્દ્ર પુરસ્કૃત યોજના )

➢ ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના હેઠળ ૬૫ વર્ષથી વધુ ઉંમરના નિરાધાર વૃધ્ધો અને અશકતોને તા.૧૫/૦૮/૧૯૯૫ થી રૂ.૭૫/- મુજબ સહાય ચૂકવવામાં આવે છે. આ યોજના સને ૨૦૦૨/૦૩ થી ગુજરાત સરકારને તબદીલ થતા આ યોજનાનું નામાભિધાન ‘‘વયવંદના યોજના’’ રાખવામાં આવેલ છે તા.૦૧/૦૪/૨૦૦૮ થી આ યોજનાનું નામ ભારત સરકાર દ્વારા ‘‘ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઓલ્ડ એજ પેન્શન ’’ રાખવામાં આવે છે.

➢ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૯/૫/૨૦૧૨ ના ઠરાવ નં. વનપ/૧૦૨૦૧૧/૧૨૧૦/ ૭૭૫૩૬૩/છ થી કેન્દ્ર સરકારે વય મર્યાદા ઘટાડી ૬૦ વર્ષ કરેલ તેનો અમલ રાજય સરકારે પણ તા.૧/૪/૧૨ થી કરેલ છે.

➢ સામા.ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવ નં. વનપ/ ૧૦૨૦૧૧ /૧૨૧૦/ ૭૭૫૩૬૩/છ થી ૬૦ વર્ષ થી ૭૯ વર્ષ સુધીના લાભાર્થીઓને રાજય સરકારના રૂ.૩૦૦/- અને કેન્દ્ર સરકારના રૂ.૨૦૦/- મળી કૂલ રૂ.૫૦૦/- સહાય ચૂકવવામાં આવે છે. જયારે ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને રાજય સરકારના રૂ.૫૦૦/- અને કેન્દ્ર સરકારના રૂ.૫૦૦/- મળી કુલ રૂ.૧૦૦૦/- ચુકવવામાં આવે છે.

➢ હાલમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનામાં કુલ -૬,૫૫૦૦૦ લાભાર્થીઓને દર માસેરૂ.૫૦૦.૦૦ ની સહાયની આપવા માટે વાર્ષિક રૂ.૩૭૭૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે.હાલમાં આ યોજનામાં કુલ -૬,૫૦૦૦૦ લાભાર્થીઓને દર માસે સહાયનો લાભ આપવામાં આવેલ છે.

### આ યોજના હેઠળ અરજી કરવાની યોગ્યતા નીચે મુજબ છે.

૧.ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના (IGNOAPS) યોજના હેઠળ ૬૦ વર્ષથી વધુ ઉંમરના ધરાવતાં હોવા જોઇએ.

૨.બી.પી.એલ. યાદીમાં ૦થી ૨૦ સ્કોર ધરાવતાં લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે.

૩.અરજદારે સહાય મેળવવા મામલતદાર કચેરી ખાતે અરજી ફોર્મ રજુ કરવાનું રહે છે.

# યોજનાનું નામ

## સંકટ મોચન (રાષ્ટ્રીય કુટુંબ સહાય) યોજના (NFBS)

- ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય નવી દિલ્હીના ઠરાવ નં.પી/ ૧૮૦૨૦/૧૯૫/એન.એસ.એ.પી/તા.૧૪-૮-૯૫થી શરૂ થઇ અને તા.૧૫.૮.૧૯૯૫ થી અમલમાં આવી. આ યોજના ગુજરાતમાં સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ નં.વીઆઈપી/૧૦૯૫/આઈ-૭૭/છ-૧, તા.૨૫.૦૯.૧૯૯૫ થી અમલમાં આવી.
- બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ૧૮ થી ૬૦ વર્ષના કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિનું કુદરતી કે અકસ્માતે મૃત્યુ થતા સહાય ચૂકવવામાં આવે છે. તા.૧૫.૨.૨૦૧૪ના ઠરાવ નં.વનપ/૧૦૨૦૧૧/૧૩૭/૫૫૪૬૯૫/છ થી સહાયની રકમ રૂા.૨૦,૦૦૦/- કરવામાં આવી છે.
- ચાલુ વર્ષમાં આ યોજનામાં  લાભાર્થીઓને લાભ આપવામાં માટે કુલ રૂ.૨૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરેલ છે. ડિસેમ્બર૨૦૧૮ અંતિત -૪૦૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

આ યોજના હેઠળ અરજી કરવાની યોગ્યતા નીચે મુજબ છે.

૧.ગરીબી રેખા હેઠળ ૦ થી ૨૦ સ્કોરમાં  સમાવેશ થતાં કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થાય ત્યારે સહાય મળવાપાત્ર છે.

૨.મૃત્યુ પામનાર વ્યક્તિતની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષ વચ્ચે હોવી જોઈએ.

૩.કુટુંબના કોઈ એક જ વ્યકિત અરજી કરી શકે છે અને અન્ય તમામ વ્યકિતએ સંમતિ આપવાની રહે છે.

૪. અરજી અવસાન થયાની તારીખથી બે વર્ષની સમય મર્યાદામાં કરવાની રહે છે.